Extra No. 56

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૩૦મી મે, ૨૦૨૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ-૨૦૨૩-૫૦-એમ-એસટીપી-૧૨૨૦૧૫-૪૮૬૪-એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Bombay Stamp (Determination of Market Value of Property) Rules, 1984

મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમ, ૧૯૮૪ સુધારવા સંબંધી

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૩

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચએમ-૨૦૨૩-૫૦-એમ-એસટીપી-૧૨૨૦૧૫-૪૮૬૪-એચ-૧:- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૩૨-ક સાથે વાંચતા, કલમ ૭૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

૨. મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમો, ૧૯૮૪માં, નમૂના ૧ના દસ્તાવેજ કોષ્ટકની માહિતી દર્શાવતા પત્રકના નોંધ ક્રમાંક ૧૧ (તારીખ: ૭મી જુલાઈ, ૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક: જીએચએમ-૨૦૨૨-૮૫-એમ-એસટીપી-૧૨૨૦૧૫-૪૮૬૪-એચ.૧ થી પ્રસિદ્ધ થયા મુજબ) ને બદલે, નીચેની જોગવાઈ મૂકવી:-

(૧૧) સમાવિષ્ટ પુરાવાની યાદી :	☐ ખેતીની જમીન: ૭/૧૨, ૮ક-નો જમીન રેકર્ડ, ગામ નમૂના ક્રમાંક ૨, ગામ નમૂના ક્રમાંક ૬ (કોઈપણ એક ફરજિયાત છે)
	☐ બિન-ખેતી જમીન (ખુલ્લો પ્લોટ): બિન-ખેતીનો હુકમ, લેઆઉટ પ્લાનની નકલ, ગ્રામ પંચાયત આકારણી પત્રક/નગરપાલિકા વેરા બિલની નકલ, પ્રોપર્ટી કાર્ડની નકલ (કોઈપણ એક ફરજિયાત છે)
	☐ બાંધકામ: મંજૂર થયેલા પ્લાન, મકાનના વપરાશની (બીયુ) પરવાનગી, ગ્રામ પંચાયત આકારણી પત્રક/ નગરપાલિકા વેરા બિલની નકલ, મિલકતનો વિસ્તાર દર્શાવતા પ્રોપર્ટી કાર્ડની નકલ (કોઈપણ એક ફરજિયાત છે)
	☐ જો કલમ-૬૩ક હેઠળ ખરીદી કરવામાં આવી હોય, તો સક્ષમ સત્તાધિકારીના હુકમની નકલ.
	☐ સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪, ૫૫, અને મુંબઈ ગણોત વહીવટ (એમ.જી.વી.) અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯ અને ૮૯ (ક) અનુસાર સક્ષમ સત્તાધિકારીના હુકમની નકલ
	☐ જો ભાડૂત પંદર વર્ષ કરતા વધુ સમયથી કબજો ધરાવતો હોય, તો તેના પુરાવાની નકલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.16 10:16:36 IST